12. सुभाषित-सप्तकम्

[સુભાષિત એટલે સુંદર ઉક્તિ અથવા બોધવચન. સંસ્કૃતના સુભાષિતોની અનેક વિશેષતાઓ છે. એક તો આ સુભાષિતો ગાગરમાં સાગર ભરી દેતાં લઘુ પદ્યો હોય છે. તેથી જન-જનના કંઠે ગવાતા રહીને સતત વહેતા રહે છે અને વ્યક્તિને જીવનનું ભાથું પૂરું પાડે છે. બીજું, સંસ્કૃત સુભાષિતો વૈશ્વિક ભાવનાના પોષક અને તોષક છે તથા સાથે સાથે ભારતીય સંસ્કૃતિના ઉદાત્ત વિચારો અને સંસ્કારોના પ્રવાહક પણ છે.

આપણા પૂર્વજ વિદ્વાનોએ પોતાની દીર્ઘ દૃષ્ટિથી જે તે વખતે જે જીવનમૂલ્યોની પ્રાપ્તિ કરી હતી તેને આગામી પેઢી સુધી પહોંચાડવા માટે આ સુભાષિતોની રચના કરી છે અને તે પ્રજામાં સુપ્રસિદ્ધ પણ થયા છે.

પ્રાચીન સમયના આ સુભાષિતો આજે પણ એટલા જ પ્રસ્તુત છે. આજે પણ તે કોઈપણ જાતના ભેદભાવ વગર દરેક માણસને આદર્શ અને આનંદપ્રદ જીવન જીવવાનો માર્ગ કંડારી આપે છે.

ગીર્વાણગિરાનાં અણમોલ રત્ન સમાન સાત સુભાષિતોનો અહીં અભ્યાસ કરીશું અને સાથે સાથે આ સુભાષિતો દ્વારા જે બોધ મળે છે તેને પોતાના જીવનમાં નિષ્ઠાપૂર્વક ઉતારવાનો શુભ સંકલ્પ કરીશું.]

शनैः पन्थाः शनैः कन्था शनैः पर्वतलङ्घनम् ।
शनैर्विद्या शनैर्वित्तं पञ्चैतानि शनैः शनैः ।। 1 ।।
शीलं शौर्यमनालस्यं पाण्डित्यं मित्रसङ्ग्रहः ।
अचौरहरणीयानि पञ्चैतान्यक्षयो निधिः ।। 2 ।।
संहतिः श्रेयसी पुंसां विगुणेष्वपि बन्धुषु ।
तुषैरपि परिभ्रष्टा न प्ररोहन्ति तण्डुलाः ।। 3 ।।
नास्ति मेघसमं तोयं नास्ति चात्मसमं बलम् ।
नास्ति चक्षुःसमं तेजो नास्ति धान्यसमं प्रियम् ।। 4 ।।



सत्यं तपो ज्ञानमहिंसतां च
विद्वत्प्रणामं च सुशीलतां च ।
एतानि यो विदधाति स विद्वान्
न ह्येकपक्षो विहगः प्रयाति ।। 5 ।।
काष्ठादग्निः जायते मथ्यमानात्
भूमिस्तोयं खन्यमाना ददाति ।
सोत्साहानां नास्त्यसाध्यं नराणां
मार्गारब्धाः सर्वयत्नाः फलन्ति ।। 6 ।।
पात्रं न तापयति नैव मलं प्रसूते
स्नेहं न संहरति नैव गुणान्क्षिणोति ।
द्रव्यावसानसमये चलतां न धत्ते
सत्पुत्र एष कुलसद्मनि कोऽपि दीपः ।। 7 ।।

ટિપ્પણી

નામ (પુંલ્લિંગ) : पन्थाः રસ્તો **निधिः** ભંડાર, ખજાનો **तुषः** ડાંગર ઉપરનું છોતરું, કુશકો **तण्डुलः** ચોખા **विहगः** પક્ષી **स्नेहः** સ્નેહ, સ્નિગ્ધતા **मलः** કચરો.

(સ્ત્રીલિંગ) : कन्था ચીંથરાંથી બનાવેલી ગોદડી **संहतिः** સંગઠન, એકતા **सुशीलता** સજ્જનતા

(નપુંસકલિંગ) : शीलम् ચારિત્ર્ય **तोयम्** પાણી **धान्यम्** અનાજ, અન્ન.

વિશેષણ : अक्षय ક્ષય-નાશ ન પામે તેવું **मथ्यमान** મથવામાં આવતું **खन्यमान** ખોદાતું, ખોદવામાં આવતું **मार्गारब्ध** સાચે રસ્તે (સાચી દિશામાં) શરૂ કરેલું, યોગ્ય રીતે આરંભેલું.

અવ્યય : शनैः ધીમે, ધીમેથી

સમાસ : पर्वतलङ्घनम् (पर्वतस्य लङ्घनम्, षष्ठी तत्पुरुष) । मित्रसङ्ग्रहः (मित्राणां सङ्ग्रहः - मित्रसङ्ग्रहः । षष्ठी तत्पुरुष) मेघसमम् (मेघेन समम् मेघसमम् । तृतीया तत्पुरुष) आत्मसमम् (आत्मना समम् - आत्मसमम् । तृतीया तत्पुरुष) चक्षुःसमम् (चक्षुर्भ्यां समम् चक्षुःसमम् , तृतीया तत्पुरुष) धान्यसमम् (धान्येन समम् धान्यसमम् , तृतीया तत्पुरुष) कर्महीनम् (कर्मणा हीनम् कर्महीनम्, तृतीया तत्पुरुष)

ક્રિયાપદ : પ્રથમ ગણ (પરસ્મૈપદ) : **प्र + रुह्** **(प्ररोहति)** ઊગવું **फल्** **(फलति)** ફળ આપવું, સફળ થવું **सम् + हृ** **(संहरति)** હરી લેવું, નાશ કરવું

વિશેષ

(1) શબ્દાર્થ : अचौरहरणीयानि ચોરી ન શકાય તેવું કે ચોર લઈ જઈ ન શકે તેવું **श्रेयसी** કલ્યાણકારી **पुंसाम्** મનુષ્યોનું **विगुणेषु** વિરોધી ગુણ ધરાવનારાઓમાં **परिभ्रष्टाः** છૂટા પડેલા **विदधाति** ધારણ કરે છે. **वेदविद्** વેદનો જાણકાર **प्रयाति** જાય છે. **एकपक्षः** એક પાંખવાળું **तापयति** તપાવે છે. **प्रसूते** ઉત્પન્ન કરે છે. **क्षिणोति** ક્ષીણ કરે છે. **चलतां न धत्ते** ચલિત થતું નથી. **कुलसद्मनि** કુળરૂપી ભવનમાં **मथ्यमानात्** મંથન કરાતા, ઘસવામાં આવેલા.

(2) સન્ધિ : पञ्चैतानि (पञ्च एतानि) । विगुणेष्वपि (विगुणेषु अपि) । काष्ठादग्निः (काष्ठात् अग्निः) । तुषैरपि (तुषैः अपि) । द्वयोरेव (द्वयोः एव) । ह्येकपक्षः (हि एकपक्षः) । नैव (न एव) । सत्पुत्र एष कुलसद्मनि (सत्पुत्रः एषः कुलसद्मनि) । कोऽपि (कः अपि) ।

સ્વાધ્યાય

1. विकल्पेभ्यः समुचितम् उत्तरं चिनुत :

(1) पुंसां श्रेयसी का ?

(क) संनिधिः (ख) संहतिः (ग) संगतिः (घ) संमतिः

(2) न ह्येकपक्षो ..... प्रयाति ।

(क) रथः (ख) अश्वः (ग) विहगः (घ) मत्स्यः

(3) मेघसमं किं न अस्ति ?

(क) तोयम् (ख) बलम् (ग) तेजः (घ) धान्यम्

(4) कुलसद्मनि कः दीपः ?

(क) सत्पुत्रः (ख) शिक्षितपुत्रः (ग) आत्मजः (घ) शूरपुत्रः

(5) केषां नराणां कृते किमपि असाध्यम् नास्ति ?

(क) साहसिकानाम् (ख) नास्तिकानाम् (ग) सोत्साहानाम् (घ) धनिकानाम्

(6) 'विहगः' शब्दस्य पर्यायशब्दः कः ?

(क) विटपः (ख) तथापि (ग) खगः (घ) एकपक्षः

(7) આ પાઠમાં 'પાણી' માટે કયો શબ્દ વપરાયો છે ?

(क) तोयम् (ख) वारि (ग) जलम् (घ) सलिलम्

2. एकवाक्येन संस्कृतभाषया उत्तरं लिखत ।

(1) कानि पञ्च शनैः शनैः भवन्ति ?

(2) कीदृशाः तण्डुलाः न प्ररोहन्ति ?

(3) खन्यमान्या भूमिः किं ददाति ?

(4) पात्रं कः नैव तापयति ?

3. रेखाङ्कितपदानि आधृत्य प्रश्नवाक्यं रचयत ।

(कदा, कः, किम्, किमर्थम्)

(1) खन्यमाना भूमिः तोयं ददाति ।

(2) सत्पुत्रः द्रव्यावसानसमये चलतां न धत्ते ।

(3) एकपक्षो विहगः न प्रयाति ।

4. वर्गसहितम् अनुनासिकपदं लिखत ।

उदाहरणम् : पंडितः ट वर्गः पण्डितः

	वर्गः	अनुनासिकप्रयोगः
(1) लंघनम्	.....	.....
(2) पंच	.....	.....
(3) बंधुः	.....	.....
(4) तंडुलः	.....	.....

5. श्लोकपूर्तिं कुरुत ।

(1) शनैः पन्थाः ..... शनैः शनैः ॥

(2) नास्ति मेघसमं ..... धान्यसमं प्रियम् ॥

6. मातृभाषया उत्तरं लिखत ।

(1) પાંચ અક્ષયનિધિ કયા કયા છે ?

(2) એક પાંખ વડે પક્ષી ઊડી શકતું નથી એ કથન દ્વારા કવિ શું સમજાવે છે ?

(3) સત્પુત્રને દીપ શા માટે કહ્યો છે ?

7. अनुवादं कृत्वा अर्थविस्तारं बोधं च लिखत ।

(1) शनैः पन्थाः शनैः कन्था शनैः पर्वतलङ्घनम् ।
शनैर्विद्या शनैर्वित्तं पञ्चैतानि शनैः शनैः ।।

(2) सोत्साहानां नास्त्यसाध्यं नराणां
मार्गारब्धाः सर्वयत्नाः फलन्ति ।

પ્રવૃત્તિઓ

- સુભાષિતગાન સ્પર્ધાનું આયોજન કરો.
- તમને મનગમતા સુભાષિતો કંઠસ્થ કરી પ્રાર્થનાસભામાં તેનું ગાન કરો.